शुद्धाद्वैत तत्त्वज्ञान

श्री वल्लभाचार्यजीनी पद्धति



અનુવાદક

શ્રી છાયાબેન કાપડીયા (બી.કોમ.)

शुद्धाद्वैत तत्त्वज्ञान

શ્રી વલ્લભાચાર્યજીની પદ્ધતિ

❑ અનુવાદક ❑

શ્રી છાયાબેન કાપડીયા (બી.કોમ.)

પ્રત : ૧૦૦
પુસ્તક પ્રકાશન સહાય : રૂ. ૨૦/-
પ્રકાશન સમય : ૨૦૦૫

❑ કર્તા : પ્રકાશક ❑
શ્રી મૂલચંદ્ર ટી. તેલીવાલા. B.A.; L.L.B.

❑ પ્રાપ્તિસ્થાન ❑

❑ મુદ્રક ❑
વૈભવ પ્રિન્ટ્સ
ટેલિ. : ૦૨૨-૨૨૬૭૮૧૮૫

શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન

શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન

શ્રી વલ્લભાચાર્યજીની પદ્ધતિ

લેખક : **ગો. વા. શ્રી મૂલચંદ્ર ટી. તેલીવાલા.** B.A.; L.L.B.

ભારતના ધાર્મિક ઉત્થાનમાં ઈ.સ. ની ૧૫ મી સદી વિશેષ રૂપે અલગ્ તરી આવે છે. આ સદીમાં ભક્તિનું મોજું સમગ્ર હિંદુસ્તાનમાં ફરી વળ્યું. આ સદીમાં એવી વિશેષ વ્યક્તિઓ પેદા થઈ કે જે જગતના ઈતિહાસમાં છવાઈ ગઈ. આ વિશેષ વ્યક્તિઓમાં બે ખાસ મિત્રો ૧) શ્રી વલ્લભાચાર્યજી અને ૨) શ્રી ચૈતન્ય મહાપ્રભુ છે. ચૈતન્ય મહાપ્રભુએ બંગાળમાં અને શ્રી વલ્લભાચાર્યજીએ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ગોકુળમાં ભક્તિના મોજાં ફેલાવ્યા. શ્રી વલ્લભાચાર્યજી શ્રી ચૈતન્ય મહાપ્રભુની જેમ ફક્ત ભક્ત ન હતા પરંતુ તેમના સમયના મહાન તત્ત્વચિંતક પણ હતા આપશ્રીએ પોતાની ઊંડી તત્ત્વજ્ઞાનની સમજ અને ઊંડા વિચારો વડે આપના ‘‘તત્ત્વાર્થદીપનિબંધ’’માં ચાર મુખ્ય પ્રસ્થાનનો સાર આપ્યો છે. પ્રસ્થાનોમાં ૧ઃ સમગ્ર વેદો, ૨) શ્રીમદ્ ભગવદ્ગીતા ૩) બ્રહ્મસૂત્ર અને ૪) શ્રીમદ્ભાગવત છે. તેમની ફિલોસોફી કે તત્ત્વજ્ઞાન ‘‘બ્રહ્મવાદ’’ તરીકે ઓળખાય છે. જ્યારે આદિ શંકરાચાર્યની ફિલોસોફી ‘‘માયાવાદ’’ તરીકે ઓળખાય છે. હવે આપણે આપશ્રીએ લખેલા તત્વાર્થદીપનિબંધ, અણુભાષ્ય અને જૈમીનીસૂત્રભાષ્ય તેમ જ શ્રીસુબોધિનીજીમાંથી બ્રહ્મવાદનો ટૂંક સાર જોઈશું. ઉપરોક્ત કહેલા ગ્રંથો ઉપર તેમના પુત્રો, પૌત્રો અને અનુસરનારાઓએ સમય સમય પર વિશદ વ્યાખ્યાઓ લખીને

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના સમગ્ર વાદને સૂચક શીર્ષક “શુદ્ધાદ્વૈત” દુનિયાના પંડિતોએ આપેલું છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજી સતત એ જ કહે છે કે ઉપનિષદોનું કહેવું એમ છે કે આ બધું અદ્વૈત છે પણ માયાને કારણે નથી. અદ્વૈતનાં નિષ્કર્ષ પર આવવા માટે સમગ્ર કાર્ય એવા જગતને મિથ્યા કહેવું એ યોગ્ય નથી.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના સિદ્ધાંતમાં શ્રુતિનાં વાક્યો અન્ય પ્રત્યક્ષ, અનુમાન વગેરે પ્રમાણો કરતા સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. ઈશ્વરની કલ્પનાં કે જે કર્મ અને જ્ઞાનથી વિભૂષિત હોય તેનું મૂળ વેદોમાં કહેલું છે અને શ્રી વલ્લભાચાર્યજી વિશેષપણે કહે છે કે બ્રહ્મ વેદોમાં જેમ વર્ણવ્યું છે તેવું જ છે. શ્રી વલ્લભાચાર્યજી શ્રી શંકરાચાર્યજી કરતાં વિપરીત રીતે એવું માને છે કે બ્રહ્મને ફક્ત વેદોથી જ જાણી શકાય છે. (અણુભાષ્ય ૧-૧-૪)

આ બ્રહ્મ સધર્મક છે. (બ્રહ્મસૂત્ર ૨-૧-૩૭) તેને અનંત શક્તિઓ છે. (બ્રહ્મસૂત્ર ૨-૧-૩૦) બ્રહ્મ સધર્મક જ નથી પણ વિરુદ્ધધર્માશ્રયી પણ છે. તે સાકાર અને નિરાકાર છે. તે સગુણ અને નિર્ગુણ છે. તે સર્વ કાંઈ પણ છે. શ્રીવલ્લભાચાર્યજી બ્રહ્મને વિરુદ્ધધર્માશ્રયી કહે છે ત્યારે વિચિત્ર વાત કરતા નથી કારણ કે વેદોમાં પણ તેમ જ કહેલું છે. “બ્રહ્મ” એક અને અનંત છે. તે સર્વવ્યાપક છતાં પણ હૃદયમાં રહે છે. તે વિશાળ તેમ જ સૂક્ષ્મતમ છે. તે આંખ વગર જુએ છે, કાન વગર સાંભળે છે, પગ વગર દોડે છે અને હાથ વગર પકડે છે. શ્રુતિ જ નહીં પરંતુ ભગવદ્‌ગીતા પણ તેમ જ કહે છે. તે જ ઉત્પન્ન કરે છે અને પ્રલય કરે છે. ભગવાન વ્યાસજીનો પણ આ જ અભિપ્રાય છે. બ્રહ્મ નિઅવ્યય છે છતાં પણ સત્ય છે કારણ કે શ્રુતિમાં તેમ કહેલું છે.

(બ્રહ્મસૂત્ર ૨-૧-૨૭). સૌથી મહત્ત્વનું એવું શ્રીમદ્‌ભાગવત પુરાણ પણ બ્રહ્મને આત્મારામ કહે છે. ભગવાન નારાયણની હાજરીમાં કમળ અને કાદવ સર્પ અને ગરૂડ સર્વે રહે છે. આ કંઈ પૌરાણિક કલ્પના નથી પરંતુ બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રયી છે તેનું સૂચન કરે છે. હવે આપને ખ્યાલ આવશે કે અમે જે પહેલાં અવિકૃત બ્રહ્મમાંથી જગત પેદા થાય છે એમ કહ્યું તે સત્ય છે કારણકે આ પણ બ્રહ્મના વિરુદ્ધધર્માશ્રયત્વનું જ ઉદાહરણ છે. પ્રકૃતિમાં કેટલાક એવા ઉદાહરણો છે કે જે પ્રકૃતિના નિયમોનો ભંગ કરે છે. જેવી રીતે આપણે કહીએ છીએ કે ચંદ્ર પોતાના ગુરૂત્વાકર્ષણથી સમુદ્રના પાણીને આકર્ષે છે પરંતુ તે માટે કોઈ જ સંતોષકારક કારણ કલ્પી શકાતું નથી. તેવી રીતે બ્રહ્મ આપણી બુદ્ધિથી અને તર્કથી ઘણું જ દૂર હોવાને કારણે આપણે વિરુદ્ધધર્માશ્રયના સિદ્ધાંતને સ્વીકારવો જોઈએ.

આ બ્રહ્મ કર્તા અને ભોક્તા એમ બન્ને છે. પ્રાથમિક સર્જનની ક્રિયા ફક્ત બ્રહ્મ અને બ્રહ્મમાં જ સંભવિત છે. જીવ સર્જન કરી શકતો નથી કારણકે તે અન્ય પર આધાર રાખે છે. કેટલાક ભારતીય તત્વચિંતકો બ્રહ્મના કર્તૃત્વને અમાન્ય રાખે છે. પણ તેમનો વિરોધ શ્રીવલ્લભાચાર્યજીને માન્ય નથી બ્રહ્મ સર્જક, પાલક અને વિશ્વનો તિરોભાવ કરનારું છે. આ સત્ય શ્રુતિં, ગીતા અને શ્રીવ્યાસજીએ વારંવાર કહ્યું છે. બ્રહ્મમાં કર્તૃત્વ નથી એમ માનવાથી અને કર્તૃત્વનું કારણ માયિક માનવાથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતે આપણા પવિત્ર શાસ્ત્રોનાં અર્થને ભયંકર ખોટી રીતે રજુ કરવામાં આવ્યો છે. વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ બ્રહ્મને પ્રાકૃત કર્તૃત્વ વાળું સમજતું નથી પણ સત્ય, મૂળભૂત અને જરૂરી દિવ્ય કર્તૃત્વવાળું સમજે છે.

બ્રહ્મ કર્તા છે તેના વિરોધ સૌથી સબળ દલીલ એ છે કે કેટલાક સાથે તે ક્રૂર અને કેટલાક સાથે માયાળુ હોય છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજી આ વિરોધને શ્રુતિના આધારે **"स आत्मानं सव्यम् अकुरुत।"** થી કરે છે. આ પૂર્ણ પ્રપંચ જે જડ અને જીવનો બનેલો છે તે આત્મસૃષ્ટિ છે. પિતા અમુક પુત્રોના પ્રત્યે માયાળુ અને અમુક પુત્રોના પ્રત્યે ક્રૂર હોય છે. તો તેમાં કાંઈ પિતાનો દોષ હોતો નથી. તેથી ઈશ્વરનો પણ દોષ નથી. વ્યાસ દેખીતી રીતે આ મુશ્કેલીને કર્મના આધારે સમજાવે છે.

તેથી બ્રહ્મમાં સર્વ ધર્મો રહેલા છે. તે જ મૂળભૂત રીતે કર્તા અને ભોક્તા છે. તે કોઈ પણ જાતના દોષોથી મુક્ત છે અને તે વિરુદ્ધધર્મોનું આશ્રય સ્થાન છે.

હવે આપણે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનાં મતે મનુષ્યમાં રહેલા જીવ વિષે શાસ્ત્રોના આધારે વિચાર કરીશું. બ્રહ્મ એક જ છે તેમ જ અદ્વિતીય છે, તે એકલું રમતું નથી, તે અનેક થવાની ઈચ્છા કરે છે. આ ઈચ્છા થવાની સાથે તેમાંથી અગ્નિમાંથી જેમ તણખાં નીકળે તેમ બ્રહ્મમાંથી જીવો નીકળ્યા મનુષ્યના જીવમાં જે બ્રહ્મના દૈવી ધર્મો દેખાતા નથી તે અવ્યક્ત થઈ ગયા છે. કારણકે બ્રહ્મની રમવાની ઈચ્છા છે, તેથી જીવાત્મા બંધનમાં પડે છે અને અજ્ઞાનથી આવૃત્ત થાય છે. જીવાત્માનો આનંદ બ્રહ્મમાંથી છૂટા પડ્યા બાદ અવ્યક્ત થઈ જાય છે. તેના કારણે જીવાત્મા કામમય અર્થાત્ ઈચ્છાઓથી ભરેલો બને છે.

જીવાત્મા શાશ્વત, અવિકારી અને અવિનાશી છે. તે જન્મતો કે મરતો નથી. જન્મ અને મરણ મનુષ્યનાં શરીરનાં હોય છે નહીં કે જીવનાં. જીવાત્માનો જીવત્વ એ જેમ કેટલાક માને છે તેમ

અવિદ્યાથી નથી. જીવાત્મા પરમાત્માની જેમ સત્ય છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનો મત એવો છે કે જીવાત્માનો જીવત્વ અવિદ્યાથી નથી કારણકે અંતે તેનો મતલબ જીવાત્મા અસત્ય છે તેવો થાય છે કે જે આર્યોના શાસ્ત્રોની માન્યતાથી વિરુદ્ધ છે.

ત્રણ વિરોધીભાસી સિદ્ધાંતો જીવાત્માનાં કદ ઉપર પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. જૈનો એમ માને છે કે જીવાત્મા મનુષ્ય શરીરના કદ જેટલો છે. આ સિદ્ધાંતને વેદાંતના આચાર્યોએ તીવ્રપણે નકારી કાઢ્યો છે.

બીજો સિદ્ધાંત એ છે કે જીવાત્મા સર્વવ્યાપક છે. આ મત શ્રીમદ્ શંકરાચાર્યજીનો છે પણ વેદાંતના અન્ય આચાર્યો તેમનાથી વિરોધ મત દેખાડે છે. તેઓ સર્વે એકમતે કહે છે કે જીવાત્મા અણુ છે. શ્રી વ્યાસજી પણ બ્રહ્મસૂત્રના ત્રીજા પાદના બીજા અધ્યાયમાં પોતાની વેદાંત મીમાંસામાં તે જ કહે છે. જો કે શ્રી વ્યાસજી જીવાત્માને અણુ કહ્યા બાદ અન્ય શ્રુતિઓ કે જે જીવાત્માને સર્વવ્યાપક કહે છે તેની પણ નોંધ લે છે. સર્વવ્યાપકતા શ્રી વ્યાસજીના મતે બ્રહ્મનો ધર્મ છે પણ જીવ જ્યારે બ્રહ્મ થાય છે કે બ્રહ્મના જેવો થાય છે ત્યારે તે પણ બ્રહ્મની જેમ સર્વવ્યાપકતાનો અનુભવ કરે છે જેમ કે રાજાનો પુત્ર રાજતિલક બાદ રાજા બને છે તેવી રીતે જીવાત્મા સર્વવ્યાપકત્વ વગેરેનો અનુભવ કરે છે, જ્યારે તેનો તિરોહિત આનંદાંશ આવિર્ભૂત થાય છે. (બ્રહ્મસૂત્ર ૨-૩-૨૯ વગેરે). તેથી શ્રીમદ્‌વલ્લભાચાર્યજી જીવાત્માને અણુના કદનો માને છે. અને જીવાત્માને આનંદાંશ પ્રકટ થતાં વિભુ માને છે.

બ્રહ્મ કર્તા અને ભોક્તા છે તેમ જીવાત્મા પણ કર્તા અને ભોક્તા છે. કર્તૃત્વ અને ભોક્તૃત્વ મુખ્યત્વે બ્રહ્મનાં ધર્મો છે પરંતુ જીવાત્મા

બ્રહ્મનો અંશ હોવાને કારણે તેનામાં પણ તે બન્ને હોય છે. (**परात्तु तच्छ्रुतेह** બ્રહ્મસૂત્ર ૨-૩-૪૧) જેવી રીતે આંખ સારું તેમ જ નરસું જુએ છે તેવી રીતે જીવ સારું તેમ જ નરસું કાર્ય કરે છે. કારણકે જીવની શક્તિઓ મર્યાદિત છે. કેમકે જીવને સમાધિનો અનુભવ નથી અને તેથી જીવ સત્ય જોઈ શકતો નથી. અને વળી તેવો કોઈ મંત્ર નથી કે જે જીવને હંમેશા શુભકાર્ય કરવા પ્રેરે.

આ જીવાત્મા બ્રહ્મનો અંશ છે (**अंशो नानाव्यपदेशात्..** બ્રહ્મસૂત્ર ૨-૩-૪૩). જીવ બ્રહ્મનો જ અંશ છે. જીવ અને પરમાત્મા બંને વચ્ચેનો સંબંધ અંશાઅંશી ભાવનો છે. જીવ અને બ્રહ્મ જુદા નથી. કારણકે જીવ અંશ તરીકે બ્રહ્મ અંશીનો જ એક ભાગ છે. (બ્રહ્મસૂત્ર ૨-૧-૧૪).

તેથી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના મતે જીવ સત્ય અને અણુ છે. તે કર્તા અને ભોક્તા એમ બંને છે, તે બ્રહ્મનો અંશ છે અને બ્રહ્મથી જુદો નથી. જીવ વિભુ સર્વવ્યાપક પણ થઈ શકે છે. જ્યારે તે બ્રહ્મભાવ અનુભવી શકે કે જ્યારે તે બ્રહ્મ જેવો થાય છે.

જગત

હવે આપણે જગત શું છે તેનો વિચાર કરીએ. આ વિશ્વ બ્રહ્મનું સત્કાર્ય છે. બ્રહ્મ તેની સ્વ ઈચ્છાથી અને પોતાની રમત માટે આ વિશ્વને પોતાનામાંથી આવિર્ભૂત કરે છે. અને બ્રહ્મ પોતે બ્રહ્મના પોતાનામાં કોઈ પણ વિકાર થતો નથી જેવી રીતે કરોળિયામાંથી લાળ તંતુ નીકળે છે. આ જગત સત્ય છે કારણકે તેનો આવિર્ભાવ, અસ્તિત્વ અને તિરોભાવ આ સર્વે બ્રહ્મમાં જ થાય છે. આ જગતની સ્થિતિ ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં બ્રહ્મમાં જ થાય છે

તેથી આ જગત બ્રહ્મને બ્રહ્મમાંથી અને બ્રહ્મને કારણે સત્ય હોય છે. અને બ્રહ્મથી તે જુદું નથી. (બ્રહ્મસૂત્ર ૨-૧-૧૬). ખરેખરા બ્રહ્મ અને કલ્પિત, ભાષિત ખોટી વસ્તુ વચ્ચે અદ્વૈત સંભવિત નથી, કેટલાક લોકો જગતને મિથ્યા, સ્વપ્નની જેમ માને છે પણ તે વિચાર અને પદ્ધતિ સત્ય નથી. જગત અને સ્વપ્ન બંને એકબીજાથી જુદા છે અને તેઓ વચ્ચે કોઈ સામ્ય નથી જ્યારે બંને વચ્ચે સામ્ય ન હોય ત્યારે તેમને એક બીજા સાથે સરખાવવું અશક્ય બને છે (**वैधर्म्याच्च न स्वप्नादिवत्** બ્રહ્મસૂત્ર ૨-૨-૨૯). આ જગત બ્રહ્મનું કાર્ય છે અને તેની સત્તા બ્રહ્મમાંથી આવે છે. પણ તે ક્યારેય પણ બ્રહ્મરૂપ જ હોય છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાંત મુજબ બ્રહ્મમાંથી આવિર્ભાવિત વસ્તુ પણ બ્રહ્મની જેમ સત્ય હોય છે. બ્રહ્મની દિવ્ય ઇચ્છાને કારણે પ્રાણીઓનું નામ, રૂપાત્મક જગત થાય છે.

કંઈ પણ હકીકતમાં વિનાશ પામતું નથી કેટલીક વસ્તુઓ આપણને દૃષ્ટિથી અવ્યક્ત થઈ જાય છે જ્યારે કેટલીક વસ્તુઓ વ્યક્ત થાય છે. આ વસ્તુઓનું અવ્યક્ત થઈ જવું તેના અસ્તિત્વનું બાધ કરતું નથી. તેવી જ રીતે વ્યક્ત અને અવ્યક્તની બે દૈવી શક્તિઓ વડે જગતનો આવિર્ભાવ, તિરોભાવ થાય છે તેથી જગત પણ શાશ્વત જ છે.

હવે આપણે તત્ત્વનો વિચાર કરતાં પહેલા શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં તત્ત્વજ્ઞાનની એક મહત્ત્વપૂર્ણ બાબત વિષે અવલોકન કરીએ. તેનો વિચાર કરવાથી આપણને ખ્યાલ આવશે કે તેઓ કેટલા મહાન વિચારક હતા. તેમની પહેલાંના કોઈ પણ આચાર્યે જગત અને સંસાર વચ્ચે ભેદરેખાને સમજાવી નહોતી. જગત એ બ્રહ્મનું

પરિણામ હોવાથી શાશ્વત, સત્ય અને અસ્તિત્વ ધરાવે છે જ્યારે સંસાર અસત્ય, કેવળ માન્યતાવાળું ને અસ્તિત્વ ધરાવનારું નથી, બ્રહ્મ એ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ એ બંને છે જ્યારે સંસારનું ઉપાદાન કારણ કોઈ જ નથી અને નિમિત્ત કારણ અવિદ્યા છે, અનેક વસ્તુઓનું અસ્તિત્વ હોવું એ અવિદ્યાનું કારણ નથી પરંતુ અનેક વસ્તુઓ અલગ અલગ છે તેમ જ તે બ્રહ્મરૂપ નથી, પરંતુ તે મારી અથવા તેની છે તે અવિદ્યાના કારણે છે. અને તેથી તે અસત્ય છે. મનુષ્ય જ્યારે આ “મારું અને તારું”માંથી મુક્ત થાય છે ત્યારે તે સંસારમાંથી મુક્ત થાય છે. જ્ઞાન પ્રાપ્ત થયા બાદ સંસાર વિલીન થાય છે પણ જગત એ વ્યક્તિ માટે બ્રહ્મરૂપ જાણાઈને અસ્તિત્વ ધરાવે છે.

શ્રી બાદરાયણ વ્યાસ આપણને શીખડાવે છે કે સાચો અને ઉત્તમ પુરૂષાર્થ તે બ્રહ્મને પ્રાપ્ત કરવામાં છે. બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે કર્મ, ઉપાસના, જ્ઞાન અને ભક્તિ વગેરે અનેક સાધનાઓ છે. કર્મમાર્ગ જો બરાબર રીતે આચરવામાં આવે તો લાભદાયી થાય છે. કર્મમાર્ગ પર ચાલવું એ અતિ મુશ્કેલ છે વળી સર્વે કર્મો બ્રહ્મને જ અર્પણ કરવા પડે છે. તેને કારણે આપણામાં અહંકાર ખૂબ જ હોવાથી કર્મો કરતાં કરતાં ઈશ્વરને યાદ રાખી પોતાની જાતને ભૂલી જવું અશક્ય નહીં તો પણ અતિ મુશ્કેલ છે. આ કારણે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનાં સિધ્ધાંતમાં કર્મમાર્ગનું સ્થાન અને મહત્ત્વ સૌથી છેલ્લું છે. આમ છતાં પણ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી કર્મને નકામું માનતા નથી. જો તે યોગ્ય રીતે આચરાય અને તેનાથી મનની અને જીવની શુદ્ધિ થાય. આ શુદ્ધિકરણથી જ્ઞાન અને ભક્તિનાં ઉચ્ચસ્તરો પર જવાનો માર્ગ ખુલ્લો થાય છે.

કેટલાક લેખકો ભક્તિ અને ઉપાસના વચ્ચે ગૂંચવાડો પેદા કરે છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજી આ બંને વચ્ચે એક ચોખ્ખી ભેદરેખા દોરે છે. ઉપાસના એ પ્રભુની શક્તિઓ (વિભૂતિઓ)ની પૂજા છે, જ્યારે ભક્તિ એ પરમાત્માની સર્વતોધિક માહાત્મ્ય જ્ઞાનપૂર્વક અને સુદઢ સ્નેહ અથવા જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદની સ્થિતિ છે.

દેવ કે દેવીની ઉપાસનાથી ઈશ્વરનાં મહાન હોવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેનાથી પરમાત્મામાં માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદઢ અને સર્વતોધિક પ્રેમ ઉત્પન્ન થાય છે.

તેથી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનાં માર્ગમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ ત્રણે ભક્તિને ટેકો આપનારી પૂરક પ્રક્રિયાઓ છે આ ભક્તિ એ પરમાત્મા માટેનો તીવ્ર પ્રેમ છે જે ભક્તમાં એ પરમાત્માની મહાનતાનો અનુભવ કરે ત્યાર બાદ ઉત્પન્ન થાય છે. યોગ્ય કર્મ કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે. ઉપાસના કરવાથી પરમાત્માની મહાનતાનો ખ્યાલ આવે છે. જ્ઞાનથી દુઃખોનો નાશ થઈ બ્રહ્મનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ ત્રણે ભેગા થઈને પરમાત્મા માટે તીવ્ર પ્રેમ ઉત્પન્ન કરે છે કે જે સર્વે પુરૂષાર્થોમાં ઉત્તમોત્તમ છે.

ફલ

હવે આપણે બ્રહ્મવાદમાં ફલનો વિચાર કરીએ અનેક જન્મ અને મૃત્યુની પરંપરા એ કર્મનું ન ટાળી શકાય તેવું ફલ છે. કર્મથી દુન્યવી સુખો મળે છે જે અંતમાં બંધનકારક થાય છે. જ્યારે કર્મનું યોગ્ય દિશામાં આચરણ કરાય છે ત્યારે જ તે ભક્તિનું અંગ બને છે. અને આડકતરી રીતે તે વડે બ્રહ્મને પમાય છે.

જ્ઞાનની સ્થિતિ કર્મ કરતાં ઉત્તમ છે. જ્ઞાન વડે દુન્યવી દુઃખ અને

તેમણે ઉચ્ચ વર્ણના હિંદુઓને નીચામાં નીચા વર્ણના મનુષ્યો સાથે સમાનતા આપી ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિના માર્ગે દોર્યા સ્ત્રીઓ કે જે અત્યાર સુધી વૈદિક ધર્મના પાલનમાં અને પ્રક્રિયામાં પ્રતિબંધિત કરવામાં આવી હતી તેને બદલે તેમનો પુષ્ટિ માર્ગમાં મુખ્ય ભક્ત તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. ગોકુલની ગોપીકાઓએ આ ઉમદામાં ઉમદા ભક્તિમાર્ગને પ્રથમ શિષ્યો તરીકે સ્થાન પામીને દોર્યા. દરેક વ્યક્તિ સ્વપ્રયત્નથી નહીં પણ ભગવાનનાં અનુગ્રહથી જ બચી શકે છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અંતે ભગવાન શ્રીકૃષ્ણે પોતાનો આ જ સંદેશ આપેલો છે. આત્મનિવેદન અને ભગવદ્પ્રપત્તિ એ જ ભગવાનની કૃપા પામવા માટેના મુખ્ય સાધનો છે. આ બંને સાધનોને શ્રીકૃષ્ણભગવાને આપણને શીખવ્યા. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પોતાના જીવનનો સંદેશ આના જ પરિપ્રેક્ષ્યમાં આપ્યો. આત્મનિવેદન, પોતાની અસમર્થતા, સંપૂર્ણપણે ભગવદ્શરણાગતિ અને ભગવદ્ ઈચ્છા તેમ જ તીવ્ર પ્રેમ આ સર્વે પુષ્ટિમાર્ગનાં મુખ્ય સિદ્ધાંતો છે. આ સર્વે સિદ્ધાંતોનાં શિક્ષણને કારણે ભગવાન શ્રીકૃષ્ણ સર્વોદ્ધાર પ્રયત્નાત્મા (સર્વના ઉદ્ધારક), કહેવાય છે. આના જ કારણે શ્રીમદ્વલ્લભાચાર્યજીનો માર્ગ સૌથી ઉદાર ગણાય છે. આ માર્ગથી શ્રીમદ્વલ્લભાચાર્યજીએ વિશ્વધર્મનાં સિદ્ધાંતોનું કથન કર્યું છે.

જયશ્રીકૃષ્ણ !

ई3

Vaibhav Prints
8/16, M. K. Amin Marg, 22, Patel Bldg.,
Fort, Mumbai - 400 001.
Tel.: (022) 2267 8185, 5576 5982
E-mail : vaibhav_prints@yahoo.co.in